# બાંગ્લાદેશમાં વધુ એક વિદ્યાર્થી નેતાને માથામાં ગોળી મરાઈ

**વિદ્યાર્થી** નેતા અને નેશનલ સિટીઝન પાર્ટીના વર્કર્સ ફ્રન્ટના કેન્દ્રીય સંયોજક મોતાલેબ શિકદરને અજાણ્યા બંદૂકધારીઓએ માથામાં ગોળી મારી

**ગંભીર** હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા, અગ્રણી વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીની હત્યા પછી થોડા જ દિવસમાં બીજો બનાવ

ઢાકા, તા. ૨૨(પીટીઆઇ): અજાણ્યા બંદૂકધારીઓએ ૨૦૨૪ના હિંસક વિદ્યાર્થી આંદોલનના બીજા એક નેતા મોતાલેબ શિકદરને આજે માથામાં ગોળી મારી હતી. આ હુમલો દક્ષિણપશ્ચિમી ખુલના શહેરમાં થયો હતો, જે પીઢ યુવા નેતા ઉસ્માન હાદીની હત્યાના કેટલાક દિવસો પછી થયો છે.

NCP (નેશનલ સિટીઝન પાર્ટી) ના ખુલના ડિવિઝનના વડા અને પાર્ટીના વર્કર્સ ફ્રન્ટના કેન્દ્રીય સંયોજક, મોતાલેબ શિકદરને થોડી મિનિટો પહેલા ગોળી મારી દેવામાં આવી છે, એમ NCP ના સંયુક્ત મુખ્ય સંયોજક મહમુદા મિતુએ ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું. એક ડોક્ટર એવા મિતુએ જણાવ્યું હતું કે શિકદરને ગંભીર હાલતમાં ખુલના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

કાલેર કંથા નામના એક અખબારે હોસ્પિટલના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે શિકદરને માથાના ડાબા ભાગમાં ગોળી વાગી હતી, અને જ્યારે તેમને ઈસ્પિતાલમાં લાવવામાં આવ્યા ત્યારે તેમનાથી ખૂબ લોહી વહેતું હતું, જ્યાં ડોક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી.

ગયા વર્ષે વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનના અગ્રણી નેતા એવા હાદીને હાલ કેટલાક દિવસ પહેલા ઢાકાના બિજોયનગર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન માસ્ક પહેરેલા બંદૂકધારીઓ દ્વારા માથામાં ગોળી મારી દેવામાં આવી હતી. હાલત ખૂબ કટોકટ થઈ જતાં બાંગ્લાદેશની વચગાળાની સરકારે તેમને હવાઈ માર્ગે સિંગાપોરની એક હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ગુરુવારે સિંગાપોરમાં સારવાર દરમિયાન હાદીનું અવસાન થયું હતું. હાદી 12 ફેબ્રુઆરીના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણી માટેના એક ઉમેદવાર હતા. મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે શનિવારે હાદીના મૃત્યુ માટે રાષ્ટ્રવ્યાપી શોકનું આયોજન કર્યું હતું અને કહ્યું હતું કે હુમલા અને ત્યારબાદ મૃત્યુને કારણે ઢાકા અને અન્ય મોટા શહેરોમાં હિંસા ફાટી નીકળી હોવાથી તેના હત્યારાઓને શોધવામાં કોઈ કસર છોડવામાં આવશે નહીં.

## પેજ3

### આર. માધવનના વ્યક્તિત્વ અધિકારોના રક્ષણ માટે દિલ્હી હાઇકોર્ટના આદેશો



નવી દિલ્હી, તા. 22(પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે સોમવારે બોલીવુડ અભિનેતા આર માધવનના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કર્યું હતું, હાઈકોર્ટે ઘણા પ્રતિવાદીઓને કૃત્રિમ બુદ્ધિમત્તા અને ડીપફેક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા માધવનના વ્યક્તિત્વના લક્ષણોનો ઉપયોગ કરવાથી પણ રોક્યા હતા અને ઇન્ટરનેટ પર અપલોડ કરવામાં આવેલી કેટલીક અશ્લીલ સામગ્રીને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. અભિનેતાનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સ્વાતિ સુકુમારે દલીલ કરી હતી કે પ્રતિવાદીઓમાંથી એકે કેસરી 3 નું નકલી મૂવી ટ્રેલર બનાવ્યું છે જે કહે છે કે આ ફિલ્મ આવવાની છે અને માધવનને દર્શાવતી ડીપફેક અને AI-જનરેટેડ સામગ્રી પોસ્ટ કરી છે. ન્યાયાધીશ મનમીત પ્રીતમ સિંહ અરોરાએ કહ્યું કે તેઓ આ મામલે વિગતવાર વચગાળાનો આદેશ પસાર કરશે.

### કૃતિ સેનનની નાની બહેન નુપુર સિંગર સ્ટેબિન સાથે જાન્યુઆરીમાં લગ્ન કરશે



મુંબઇ, તા. 22 : અભિનેત્રી કૃતિ સેનનની નાની બહેન, નુપુર સેનન, જાન્યુઆરી 2026 માં ગાયક સ્ટેબિન બેન સાથે લગ્ન કરવા જઈ રહી છે. તાજેતરના અહેવાલો અનુસાર, તેમના લગ્નનો સમારોહ ઉદયપુરમાં ત્રણ દિવસ, 9, 10 અને 11 જાન્યુઆરી ચાલશે, જેમાં લગ્ન 11 જાન્યુઆરીએ થશે. એક અહેવાલ મુજબ, લગ્ન એક ખાનગી બાબત હશે, જેમાં ફક્ત નજીકના મિત્રો અને પરિવારના સભ્યો જ હાજરી આપશે. આ દંપતી મુંબઈમાં મિત્રો માટે એક અલગ રિસેપ્શનનું આયોજન કરી રહ્યું છે, જે 13 જાન્યુઆરીએ યોજાશે.

# કાર હેઠળ સંતાડેલો બોમ્બ ફાટતા રશિયાના લશ્કરી અધિકારીનું મોત

**લેફ્ટેનન્ટ** જનરલ ફેનિલ સર્વારોવનું ઇજાઓથી મોત

**એક** વર્ષમાં ત્રીજા લશ્કરી અધિકારીની હત્યા, યુક્રેનનો હાથ હોવાની શંકા



મોસ્કો, તા. 22(એપી) સોમવારે સવારે મોસ્કોમાં એક રશિયન જનરલની કાર નીચે વિસ્ફોટક ઉપકરણ ફાટતાં તેમનું મોત થયું હતું, અને તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે આ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોઈ શકે છે, જે એક વર્ષમાં ત્રીજા વરિષ્ઠ લશ્કરી અધિકારીની હત્યા છે.

રશિયન સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફના ઓપરેશનલ ટ્રેનિંગ ડિરેક્ટોરેટના વડા લેફ્ટનન્ટ જનરલ ફેનિલ સર્વારોવનું મૃત્યુ તેમની ઈજાઓથી થયું હતું, એમ રાષ્ટ્રની ટોચની ગુનાહિત તપાસ એજન્સી, રશિયાઝ ઈન્વેસ્ટિગેટિવ કમીટીના પ્રવક્તા સ્વેત્લાના પેટ્રેન્કોએ જણાવ્યું હતું. તપાસકર્તાઓ હત્યા અંગે અનેક દિશાએથી તપાસ કરી રહ્યા છે. આમાંથી એક એ છે કે આ ગુનો યુક્રેનિયન ગુપ્તચર સેવાઓ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો કે કેમ? એ મુજબ પેટ્રેન્કોએ જણાવ્યું હતું.

ક્રેલમિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને સર્વારોવની હત્યા વિશે તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે સર્વારોવ અગાઉ ચેચન્યામાં લડી ચૂક્યો હતો અને સીરિયામાં મોસ્કોના લશ્કરી અભિયાનમાં ભાગ લીધો હતો. એક વર્ષ પહેલાં, 17 ડિસેમ્બર, 2024 ના રોજ, લશ્કરના પરમાણુ, જૈવિક અને રાસાયણિક સંરક્ષણ દળોના વડા લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરીલોવનું તેમના એપાર્ટમેન્ટ બિલ્ડિંગની બહાર ઈલેક્ટ્રિક સ્કૂટરમાં છુપાયેલા બોમ્બથી મૃત્યુ થયું હતું.

# હિમાચલમાં પથારીમાં સૂતેલા દર્દીને ડોકટરે મુક્કા માર્યા!

**તોછડાઇ** કરતા ડોકટરને દર્દીએ સારી રીતે વાત કરવાનું કહેતા ડોકટર ઉશ્કેરાયો

**ભારે** હોબાળો મચતા સસ્પેન્ડ કરાયો, તપાસ સમિતિ રચાઇ



શિમલા, તા. ૨૨: અહીંની એક પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં એક જુનિયર ડોકટરે પથારીમાં સૂતેલા એક દર્દીને ઉપરાછાપરી મુક્કાઓ મારતા ચકચાર મચી ગઇ હતી. આ ડોકટરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે અને તેની સામે તપાસ શરૂ કરવામાં આવી છે.

ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આ બનાવ બન્યો હતો. મળતી વિગતો પ્રમાણે અર્જુન સિંહ નામના એક શખ્સને શ્વસનની તકલીફ થતા તે આ હોસ્પિટલમાં આવ્યો હતો. તેના પર બ્રોન્કોસ્કોપી ટેસ્ટ કરવામાં આવ્યા બાદ તેને હાંફ ચડી હતી. હોસ્પિટલના સ્ટાફે તેને આરામ કરવાની સલાહ આપતા તે પલ્મોનરી મેડિસીસ વોર્ડમાં ગયો હતો અને એક ખાલી પથારી પર સૂતો હતો. ત્યાં અચાનક બે ડોકટરો આવી ચડ્યા હતા અને તેની સાથે તોછડાઈ અને તુંકારાથી વાત કરવા લાગ્યા હતા. તેમને યોગ્ય રીતે વાત કરવાનું કહેતા એક ડોકટરે ઉશ્કેરાઈને તેને મુકકા મારવા માંડ્યા હતા.

# ઝારખંડ : મોબાઈલ ફ્લેશલાઈટ હેઠળ સ્ત્રી વંધ્યીકરણ ઓપરેશન કરાયું!

**સામૂહિક** આરોગ્ય કેન્દ્રમાં આ સર્જરી ચાલી રહી હતી અને વિજ પુરવઠો બંધ થઇ ગયો

**આ** ઘટનાનો વીડિયો ઉતારીને તેને ઓનલાઇન મૂકનાર મહિલા કર્મચારી સામે કાર્યવાહી કરવાનો આદેશ જારી



હજારીબાગ, તા. 22(પીટીઆઈ): ઝારખંડના હજારીબાગ જિલ્લામાં એક સરકારી આરોગ્ય કેન્દ્રમાં મોબાઈલ ફોનની ફ્લેશલાઈટ હેઠળ એક મહિલા પર ટ્યુબેક્ટોમી કરવામાં આવતી હોવાનું દર્શાવતો એક વીડિયો વાયરલ થયો છે, જેના કારણે વહીવટીતંત્રે તપાસનો આદેશ આપ્યો છે, એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

ટ્યુબેક્ટોમી એ સ્ત્રીઓમાં કાયમી ગર્ભનિરોધ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી એક સર્જિકલ પ્રક્રિયા છે. વહીવટીતંત્રે એક કાર્યકર સામે પણ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે જેણે વિડિઓ રેકોર્ડ કર્યો અને તેને સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો, એમ અધિકારીએ જણાવ્યું હતું. 29 સેકન્ડની વિડિઓ ક્લિપમાં દર્શાવવામાં આવેલી ઘટના કેરેદારીના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (સીએચસી) માં બની હતી. વીડિયોમાં એવું જોવા મળ્યું હતું કે સર્જરી દરમિયાન અચાનક વિજળી જતી રહી હતી, પરંતુ પ્રક્રિયા મોબાઈલ ફોનની ફ્લેશલાઈટ હેઠળ ચાલુ રહી.

હઝારીબાગના સિવિલ સર્જન અશોક કુમારે પીટીઆઈને જણાવ્યું હતું કે 45 વર્ષીય 'સહિયા' (એક કોમ્યુનિટી હેલ્થ વર્કર) એ ટ્યુબેક્ટોમી ઓપરેશન દરમિયાન વીડિયો શૂટ કર્યો હતો અને તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂકી દીધો હતો.

તેમણે કહ્યું કે CHC પાસે જનરેટરની સુવિધા છે જે વીજળી ગુલ થવાના કિસ્સામાં વીજળી પૂરી પાડે છે, પરંતુ સિસ્ટમ બદલવામાં થોડો સમય લાગ્યો અને તે સમયગાળા દરમિયાન, ફોનની ફ્લેશલાઇટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કુમારે જણાવ્યું હતું કે દર્દીનું ઓપરેશન 13 ડિસેમ્બરે કરવામાં આવ્યું હતું, જ્યારે વીડિયો 18 ડિસેમ્બરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સામે આવ્યો હતો.

## ઈન્ડોનેશિયામાં મુસાફર બસ પલટી ખાઈ જતાં ૧૬નાં મોત

જકાર્તા, તા. 22 (એપી) ઈન્ડોનેશિયાના મુખ્ય ટાપુ જાવા પર મધ્યરાત્રિ પછી સોમવારે એક પેસેન્જર બસ અકસ્માતમાં ઓછામાં ઓછા 16 લોકો માર્યા ગયા એમ અધિકારીઓએ જણાવ્યું હતું. 34 લોકોને લઈ જતી બસે ટોલ રોડ પર કાબુ ગુમાવી દીધો હતો અને કોંક્રિટ બેરિયર સાથે અથડાઈ અને પછી તેની બાજુમાં પલટી ખાઇ ગઈ હતી એમ શોધ અને બચાવ એજન્સીના વડા બુડિયોનોએ જણાવ્યું હતું. આ આંતર-પ્રાંત બસ રાજધાની જકાર્તાથી દેશના પ્રાચીન શાહી શહેર યોગ્યકર્તા જઈ રહી હતી ત્યારે મધ્ય જાવાના સેમારંગ શહેરમાં ક્રાપ્યાક ટોલ વે પર વળાંકવાળા એક્ઝિટ રેમ્પમાં પ્રવેશ કરતી વખતે તે પલટી ગઈ હતી એમ તેમણે જણાવ્યું હતું. જોરદાર ટક્કરથી ઘણા મુસાફરો નીચે પટકાયા અને બસની બોડી હેઠળ ફસાઇ ગયા હતા. અકસ્માત પછી લગભગ 40 મિનિટ પછી પોલીસ અને બચાવ ટીમો પહોંચી અને ઘટનાસ્થળે મૃત્યુ પામેલા છ મુસાફરોના મૃતદેહ બહાર કાઢ્યા.

# સાઈબર ઠગે ધૂતી લેતા પંજાબના માજી પોલીસ અધિકારીએ પોતાને ગોળી મારી

**સુરક્ષા** ગાર્ડની રાઇફલ વડે ખુદને ગોળી મારી દેનારા અમર સિંગ ચહલે સ્યુસાઇડ નોટમાં ઠગાઇનો ઉલ્લેખ કર્યો

**પોતાને** વેલ્થ મેનેજમેન્ટ એડવાઇઝર ગણાવનારા ઠગે અમર સિંગ પાસે રૂ. 8.10 કરોડ ધૂતી લીધા

પટિયાલા, તા. 22 (પીટીઆઈ) : માજી આઈપીએસ અધિકારી અમર સિંહ ચહલે સોમવારે અહીં પોતાના સુરક્ષા ગાર્ડની રાઈફલથી પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી અને એક કથિત નોંધમાં તેમણે દાવો કર્યો હતો કે તેમની સાથે સંપત્તિ વ્યવસ્થાપન સલાહકાર તરીકે ઓળખાતા સાયબર ગુંડાઓ દ્વારા 8.10 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

પટિયાલાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક વરુણ શર્માએ જણાવ્યું હતું કે, પંજાબના માજી પોલીસ મહાનિરીક્ષક ચહલને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી એક નોંધ મળી આવી છે, જે દર્શાવે છે કે તેઓ કોઈ નાણાકીય છેતરપિંડીનો ભોગ બન્યા હતા.

પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવને સંબોધિત પોતાની 12 પાનાની નોંધમાં, ચહલે આરોપ લગાવ્યો હતો કે છેતરપિંડી કરનારાઓ 'F-777 DBS વેલ્થ ઈક્વિટી રિસર્ચ ગ્રુપ' નામથી વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રુપ દ્વારા સંચાલન કરતા હતા, જેમાં DBS બેંક અને તેના CEO સાથે સંબંધો હોવાનો ખોટો દાવો કરવામાં આવ્યો હતો.

## નેશનલ હેરાલ્ડ કેસ

### ઇડીની અરજી પર હાઇકોર્ટે સોનિયા, રાહુલનો જવાબ માગ્યો

નવી દિલ્હી, તા. 22(પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે સોમવારે કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નેશનલ હેરાલ્ડ કેસમાં તેમની સામેની ચાર્જશીટની નોંધ લેવાનો ઈનકાર કરતી ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી અરજીનો જવાબ આપવા જણાવ્યું હતું.

## ઇયુની ડેરી પેદાશો પર ચીન ૪૨.૭ ટકા પ્રોવિઝનલ ટેરિફ લાદશે

હોંગકોંગ, તા. 22(એપી): ચીન યુરોપિયન યુનિયનમાંથી આયાત થતા દૂધ અને ચીઝ સહિત ડેરી ઉત્પાદનો પર 42.7 ટકા સુધીના પ્રોવિઝનલ ટેરિફ લાદશે, એમ તેના વાણિજ્ય મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું. મંગળવારથી અમલમાં આવનારી વધારાની ડ્યુટીઓ ઓગસ્ટ 2024 માં ચીનના વાણિજ્ય મંત્રાલય દ્વારા બેઈજિંગ અને બ્રસેલ્સ વચ્ચે તણાવ વધ્યો ત્યારે શરૂ કરવામાં આવેલી તપાસના પ્રારંભિક પરિણામો પર આધારિત હતી.

બેઈજિંગે EU દેશો દ્વારા તેમના ડેરી અને અન્ય કૃષિ ઉત્પાદનો માટે આપવામાં આવતી સબસિડીની સમીક્ષા કરી હતી.


